


●*પ્રેસનોટતા.૦૭/૧૨/૨૦૨૧*●

➢ આગામી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણીઓ અનુસંધાને સઘન વાહન ચેકીંગ, તથા નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ દરમિયાન મળેલ ખાનગી બાતમી આધારે નાગ્રેશ્રી પો.સ્ટે., વિસ્તારમાંથી દેશી બનાવટી જામગરી બંદૃક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઇસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

➢ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓએ જીલ્લામાં આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચુંટણી અનુસંધાને તટસ્થ, ન્યાયિક અને પારદર્શક રીતે ચૂંટણી પ્રક્રિયા યોજાય, અને આમ જનતા ભય મુક્ત વાતાવારણમાં રહી શકે તે હેતુથી જીલ્લામાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેર કાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી.શાખાના પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી.ટીમ એ.ટી.એસ.ચાર્ટર લગત નાગ્રેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, સેલણા ગામની દિવ્યમપબ્લીક સ્કુલ પાસે એક ઇસમ ઉભો છે અને તેની પાસે ગેરકાયદેસર હથિયાર (અગ્નિશસ્ત્ર) છે અને તે આજરોજ કોઇ ગુન્હો કરવાની પેરવીમાં હોય, જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા દેશી બનાવટી જામગરી બંદૃક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

✨ પકડાયેલ આરોપી ✨

(૧) રમજાનભાઇ બાઉદીનભાઇ સમા ઉ.વ.૩૬ ધંધો.મજુરી રહેવાસી-વિજપડી, ધારઉપર પાણીની ટાંકી પાસે તા.સાવરકુંડલા જી.અમરેલી

✨ * *કબ્જે કરેલ મુદ્દામાલ* ✨ *

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી દેશી હાથ બનાવટી જામગરી બંદૃક *(અગ્નિશસ્ત્ર હથિયાર)* કિ.રૂા.૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે નાગ્રેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➢ આમ, *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ,* નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. *પો.સ.ઇ., શ્રી તથા *એસ.ઓ.જી. ટીમ* ને દેશી હાથ બનાવટી જામગરી બંદૃક *(અગ્નિશસ્ત્ર હથિયાર)* સાથે એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.